# વાલ, ચણા અને મગ ની ધમાલ

**જરૂરી સામગ્રી**

૧) વાલ, ચણાં અને મગ (એક બાઉલમાં સમાય તેટલા)

૨) એક બાઉલ

**કેટલા લોકો રમી શકે?**

- બે કે તેથી વધુ

**કેવી રીતે રમાય?**

એડમીને સૌપ્રથમ બાઉલમાં વાલ, ચણાં અને મગ ને સરખે ભાગે મીક્સ કરી દેવાના. મૂકેલા વાલ, ચણાં અને મગને ચપટીમાં લઈ બધા સ્પર્ધકને ઓળખ કરાવવાના રહેશે. હવે સ્પર્ધકની આંખ પર પટ્ટી બાંધી બાઉલમાંથી એક કઠોળ નો દાણોૌ ઉપાડવાનો રહેશે અને બંધ આંખે જ તેની ઓળખ કરવાની રહેશે. જો સ્પર્ધક ના હાથમાં વાલ આવે તો સ્પર્ધકે એમ કહેવાનું કે "વાલ મને બહુ વાલા", ચણાં આવે તો "ચણાં ખાઓ અને ઘોડા જેવા થાઓ" અને જો મગ આવે તો "મગ ચલાવે પગ". આમ એક મીનીટમાં જે સ્પર્ધકે વધુમાં વધુ કઠોળની ઓળખ કરી હશે તે સ્પર્ધક વિજેતા જાહેર થશે અને ઈનામને પાત્ર થશે.